
# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'A' grade

सत्यम् ज्ञानम् अनन्तम्



# ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only

Vol. 13, Issue. 226, January 2022


આહા ! સાચને જ આંચ છે; મને પોતાને પ્રતીતિ છે કે, લોક જેને સારા કહે છે તેના કરતાં હું વધારે સારો છઉં, દુર્ગુણી નથી; હા, પ્રસંગને લીધે ને દુનિયામાં સાહસ જિતે છે એ અનુભવથી હું સાહસ કરવા જાઉં છું, પણ પાછો વિવેકથી દબું છું. પણ પછી–ફિલસુફીની નીતિ જે દુનિયાની નીતિથી જુદી જ છે તેનો વિચાર થાય છે, ને પછી સાહસ થઈ જાય છે.

– નર્મદાશંકર

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

'કેળવણીને માટે ખંત તથા શ્રમ અવશ્ય છે. કેટલુંક કામ સહેલથી થાય છે અને કેટલુંક ઘણે શ્રમે થાય છે પણ જે ઘણે શ્રમે થાય છે તે ઘણું મૂલ્યવાન ને લાભકારી હોય છે. કંટાળો ન આણતાં હોંશ શ્રમ ધીરજ ખંતથી કર્યા કરીએ તો કોઈ દહાડો પણ કામ પાર પડે જ. અભ્યાસથી સંધું સહેલું થઈ પડે છે. ઉદ્યોગનું ફળ વહેલું મોડું મળે છે જ. અસાધારણ બુદ્ધિનાં મોટાં માણસો કહેવાય છે તેઓએ પણ ઘણો શ્રમ કરીને ઘણાં દુઃખ વેઠી ઘણી વાર હાર ખાઈ પોતાની શકિતઓ કેળવી હોય છે ને તેથી જ તેઓ સંધિ મળેથી મોટી પ્રસિદ્ધિ પામેલાં છે. આળસ ને અજ્ઞાન ને વહેમ એ માણસના મોટા શત્રુ છે તે તેને દુર્દશામાં રાખે છે'

વીર નર્મદે પોતાના 'કેળવણી વિશે' નિબંધમાં કેળવણી માટે ખંત તથા શ્રમ આવશ્યક છે, એ વાત પર ભાર મૂકયો છે. નર્મદ તો એટલે સુધી વાત કરે છે કે આ શ્રમ કરવામાં કંટાળો ન આણતાં હોંશ, ધીરજથી, ખંતથી કાર્ય કરતા રહીશું તો ચોકકસ કોઈ દિવસ તો ધારેલુ કાર્ય પાર પડે જ છે. ઉદ્યમનું સુફળ આજ નહી તો કાલે, વહેલું નહી તો મોડું અવશ્ય મળે છે. અસાધારણ બુદ્ધિશકિતવાળા લોકો, જેને આપણે મોટા માણસો કહીએ છીએ એ લોકોએ પણ અથાગ મહેનત કરીને, અનેક કષ્ટ સહન કરીને દુઃખ વેઠીને, તો કેટલીકવાર હાર સહન કરીને પણ ધ્યેય સિદ્ધ કરવા પ્રયત્નશીલ રહ્યા છે. ને પ્રસિદ્ધિ પામ્યા છે. અહી આળસ અને અજ્ઞાનને સ્થાન નથી. કેમ કે માણસને આળસ અને અજ્ઞાન જ દુર્દશામાં રાખે છે. નર્મદ શ્રમથી આળસને દૂર રાખવાની તો વિદ્યાભ્યાસથી અજ્ઞાનને દૂર કરવાને વાત ' કેળવણી વિશે'ના નિબંધમાં કરે છે.

'આ જગતમાં માણસ જન્મથી તે મરણ લગી સુખની તૃષ્ણા રાખે છે ને એને માટે તે મથે છે. પણ એ મથવું અને તેમાં પાર પડવું એ તેના વિદ્યાભ્યાસ ઉપર આધાર રાખે છે. વળી જો વિદ્યાભ્યાસ હોય છે ને યોગ નથી તો ઘણે દહાડે મથતાં મથતાં પણ ધાર્યો યોગ આવવાનો જ, અગર તે ન આવ્યો તો પણ કોઈ બીજો રૂડો યોગ પણ આવવાનો જ. વળી અનુભવ વિચારનાં સુખનો અને સદ્‌ગણનાં સુખનો લહાવો પ્રાપ્ત થવાનો જ.'

કવિ નર્મદે એકસો સાઠ–સિત્તેર વર્ષ પૂર્વે બહુ સાદી સીધી ભાષામાં શ્રમના મહત્ત્વ સાથે 'વિદ્યાભ્યાસ એ સુખનું મોટું સાધન' હોવાનું નોંધ્યું જે આજે પણ એટલું પ્રસ્તુત છે.

આપણાં કોલેજ અને યુનિવર્સિટીના પરિસર હવે વિદ્યાર્થીઓની પ્રત્યક્ષ હાજરીથી ધમધમવા લાગ્યા છે. આપણે યુનિવર્સિટીની ઓનલાઈન પરીક્ષાઓ પણ સફળતા પૂર્વક લઈ શકયા છીએ. આગળના સેમેસ્ટરનાં અભ્યાસક્રમ પણ આપણાં કેમ્પસમાં ચાલી રહ્યાં છે. બસ ખંતથી આ વિદ્યાભ્યાસમાં જોડાયેલા રહીશું, સખત મહેનત કરશું તો આપણે આપણાં ધ્યેય સિદ્ધ કરવામાં અચૂક સફળ થઈશું. આવનારા દિવસોમાં આપણી યુનિવર્સિટીનાં આંગણે યુવા મહોત્ત્સવનો રૂડો અવસર આવી રહ્યો છે. યુવા પ્રતિભાને પોતાની શકિતઓ પરખવાનું ને પ્રદર્શિત કરવાનું મંચ મળશે. એ જ રીતે એથ્લેટિક મીટનું આયોજન પણ છે. ઓલ ઈન્ડિયા પશ્ચિમ ઝોનલનો ખોખો (બહેનો) અને ક્રિકેટ ટૂર્નામેન્ટનાં આપણે યજમાન પણ છીએ. વિદ્યાભ્યાસની સાથે કલા અને શ્રમની અભ્યાસ ઈતર પ્રવૃત્તિઓ પણ વ્યકિતત્ત્વ વિકાસ માટે જરૂરી છે....

સૌને શુભેચ્છાઓ.

જય હિન્દ.

તા. ૩ માર્ચ, ૨૦૨૨

(ડૉ. કિશોરસિંહ ચાવડા)
કુલપતિશ્રી

## યુનિવર્સિટી ન્યૂઝ

### પ્રજાસત્તાક પર્વ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે ૭૩મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે તા. ૨૬–૦૧–૨૦૨૨ બુધવારનાં રોજ સવારે ૮:૩૦ કલાકે માનનીય કુલપતિશ્રી ડૉ. કે. એન. ચાવડાનાં વરદ્‌હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ વહીવટી સંકુલ યુનિવર્સિટી કેમ્પસમાં યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આઝાદ ભારતનાં આ રાષ્ટ્રીયપર્વે ધ્વજવંદનમાં યુનિવર્સિટીનાં સિન્ડિકેટ–સેનેટના સભ્યશ્રીઓ, ડીનશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ તથા કેમ્પસનાં સર્વ રહીશોએ કોવિડ–૧૯ની માર્ગદર્શિકાને ધ્યાનમાં લઈ સોશ્યિલ ડિસ્ટન્શ જળવાઈ રહે તેમ ઉપસ્થિત રહ્યાં હતાં.

































VNSGU






























VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY SURAT
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

## આંતર રાજ્ય યુનિવર્સિટી કર્મચારી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન

ગુજરાત રાજ્ય આંતર યુનિવર્સિટી કર્મચારી ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૬ થી ૯ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન કાંતિગુરુ શ્યામજી વર્મા કચ્છ યુનિવર્સિટી, કચ્છનાં યજમાન પદ હેઠળ યોજાયેલ હતી. આ ક્રિકેટ સ્પર્ધામાં ગુજરાત રાજ્યની કુલ ૧૨ યુનિવર્સિટીઓએ ભાગ લીધો હતો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમ કેપ્ટન, ડૉ. મિતલ ડી. ઉપાધ્યાયનાં નેતૃત્વ હેઠળ તમામ ખેલાડીઓનાં યોગદાન અને શ્રેષ્ઠ પ્રદર્શન દ્વારા તમામ મેચો જીતી ફાઇનલમાં સરદાર કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડાને પરાજીત કરી ચેમ્પિયન બની હતી. ફાઈનલ મેચમાં શ્રેષ્ઠ યોગદાન બદલ ટીમના કેપ્ટન ડૉ. મિતલ ડી. ઉપાધ્યાયને (ચેમ્પીયન), રિંકેશ એન. પટેલને (મેન ઓફ ધી મેચ અને બેસ્ટ બેસ્ટમેન) અને પૃથ્વીરાજ આઈ.ચાવડાને બેસ્ટ ફિલ્ડર તરીકે ટ્રોફી સ્વરૂપે પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે. જે બદલ વીર નર્મદ ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિશ્રી તથા યુનિવર્સિટી પરિવારે અભિનંદન તથા હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.









## ભૌતિકશાસ્ત્ર વિભાગ

### ડ્રોઈંગ પોસ્ટર હરીફાઈ

યુનિવર્સિટી ખાતે આવેલ ભૌતિકશાસ્ત્ર વિભાગ પોતાની સ્થાપનાનાં ૫૧માં વર્ષની ઉજવણી કરી રહ્યું છે. આ અન્વયે વિભાગ દ્વારા ડ્રોઈંગ પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા બે કેટેગરીમાં યોજાનાર છે. કેટેગરી–૧ માં શાળા કક્ષાએ ધોરણ ૯ થી૧૨ (કોઈ પણ પ્રવાહ) માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ડ્રોઈંગ પોસ્ટર (૧) ભૌતિકશાસ્ત્રની ઉપલબ્ધતા (Achievement of Physics) અને (૨) ભૌતિકશાસ્ત્રની કાળી બાજુ (Darksides of Physics) તેમજ કેટેગરી–૨ માં કોલેજ/યુનિવર્સિટી કક્ષાએ કોઈ પણ વિષયમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થી (૧) ભૌતિકશાસ્ત્ર અને સમાજ (Physics and Civilization) અને (૨) ૨૦૫૦ માં ભૌતિકશાસ્ત્ર (Physics in 2050) વિષયને થીમ ગણી પોતાનું ડ્રોઈંગ પોસ્ટર તૈયાર કરી શકશે. પોસ્ટરની સાઈઝ સામાન્ય રીતે મળતી ડ્રોઈંગ સીટની સાઈઝ રહેશે. પોસ્ટર તૈયાર કરી વિદ્યાર્થીએ પોતાનું નામ, મોબાઈલ નંબર, શાળા/કોલેજનું નામ, અભ્યાસનું વર્ષ સાથે લખી તા. ૨૪–૦૨–૨૦૨૨ ના રોજ બપોરે ૪:૦૦ કલાક સુધીમાં ભૌતિકશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે પહોંચાડવાનાં રહેશે.

## ગુજરાત સરકારનાં કલાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં પ્રો. કિશોર પોરીયા હાજર રહ્યા

તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૨નાં રોજ અમદાવાદ ખાતેનાં સાયન્સ સીટી સેન્ટર ખાતે કલાઈમેટ ચેન્જનાં કાર્યક્રમ 'બિલ્ડીંગ એ કલાઈમેટ રેઝીલેન્ટ ગુજરાત' માં કુલપતિનાં પ્રતિનિધિ તરીકે ભૌતિકશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષશ્રી પ્રો. કિશોર પોરિયા હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, કલાઈમેટ ચેન્જ, એન્વાયરમેન્ટ અને જંગલ ખાતાનાં મંત્રીશ્રી કિશોરસિંહ રાણા, મુખ્ય અતિથિપદે અને ઉચ્ચ અને તકનિકી શિક્ષણનાં રાજય મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ

ડીંડોર તથા કલાઈમેટ ચેન્જ, એનવાયરમેન્ટ, ઉદ્યોગ, જંગલ કોટેજ ઈન્ડસ્ટ્રીઝનાં રાજય કક્ષાનાં મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા (પંચાલ)ની હાજરીમાં આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારનાં આ વિભાગ વર્ષની માહિતી, કલાઈમેટ ચેન્જનો નેશનલ એકશન પ્લાન, ગુજરાત રાજયના એકશન પ્લાન અને આ વિભાગની વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિશદ્ ચર્ચા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં Switzerland, United Kingdom (UK), યુનિસેફનાં વિશેષ અધિકારીશ્રીઓ યુનિવર્સિટીઓનાં કુલપતિશ્રીઓ અને સરકારનાં વિવિધ વિભાગનાં અધિકારીઓ હાજર રહ્યાં હતાં. કલાઈમેટ યોજના હેઠળ બેટરી સંચાલિત વાહનો માટે શાળા અને કોલેજમાં વિદ્યાર્થીઓને સબસીડી આપવામાં આવે છે. પ્રતિકારાત્મક રીતે કેટલાક વિદ્યાર્થીઓને વાહનની ચાવી સોંપવામાં આવી હતી. તેજ રીતે પ્લાસ્ટિકનાં પ્રદૂષણને ઘટાડવા માટે ગ્રામ્યકક્ષાએ કાર્યરત સખીમંડળોને સન્માનવામાં આવ્યાં હતાં. સંશોધનાત્મક રીતે ગુજરાતમાં થઈ રહેલ કામગીરીઓને પુસ્તક સ્વરૂપે પ્રસિધ્ધ કરવામાં આવ્યાં છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનાં કાર્યને બીરદાવવામાં આવ્યું હતું. એ ઉપયોગ ગુજરાત યુનિવર્સિટીને 'સેન્ટર ઓફ એકલેન્સ' માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. રાજયમાં પુનઃપ્રાપ્ય ઉર્જાનાં ઉપયોગ અને ઉર્જા સંરક્ષણને પ્રોત્સાહન, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ સહિત અન્ય સંગઠનો સાથે વ્યુહાત્મક ભાગીદારીઓ કરવી અને મજબુત બંધન રચવું ગુજરાતનાં વિવિધ ક્ષેત્રોની કાર્બન ફૂટ પ્રિન્ટ તૈયાર કરવી, શિક્ષણવિદ્દો, સરકારી અધિકારીઓને વિશેષ તાલીમ આપવી, આનુસંગિક માહિતીનું પ્રસારણ, તાલીમ અને જનજાગૃતિનાં કાર્યક્રમ કરવાં જેવી અનેક બાબતો અંગે ચર્ચા વિચારણા થઈ હતી.
























## 'વિજ્ઞાન દિવસ' : ઉજવણી

તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ "વિજ્ઞાન દિવસ" નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં ભૌતિકશાસ્ત્ર વિભાગ દ્વારા સંમેલન સભાખંડમાં "સેલીબ્રેશન ઓફ ફિઝિક્સ" કાર્યક્રમ હેઠળ ટી.આઈ.એફ.આર.નાં પૂર્વ પ્રાધ્યાપક, ચારૂ સેટ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ અને કોસમોસ કેન્દ્રનાં ડાયરેક્ટર પ્રો. પંકજ જોષીએ ખૂબ જ રસપ્રદ વ્યાખ્યાન "જોય ઓફ સાયન્સ" આપ્યુ હતું. ખૂબ જ સુંદર રીતે વિજ્ઞાનમાં બ્રહ્માંડનાં નજારા અંગેની રજૂઆત કરી હતી. શરૂઆતમાં વિજ્ઞાન વિષયમાં ઘટતા જતાં વિદ્યાર્થીઓ અંગે ચિંતા કરી હતી. વિદ્યાર્થીઓને માત્ર નાણાં કમાઈ શકાય તેવા અભ્યાસક્રમોને પસંદ કરવાને સ્થાને આનંદ આપી શકે તેવા અભ્યાસક્રમો પસંદ કરવા જોઈએ. આજના વિશ્વમાં યુદ્ધમાં અમેરિકા અને રશિયા જેવા દેશો પાસે સ્પેસ ફોર્સ છે. આજે સ્પેસ કોમર્સ, સ્પેસ ટુરિઝમ અને સ્પેસ સ્ટાર્ટઅપ જેવી બાબતો અંગે વાસ્તવિકતા બની રહી છે. બ્રહ્માંડનો નજારો જોવો અદ્‌ભૂત અનુભવો છે. આપણે માનસિકતા બદલવાની જરૂરિયાત છે. બાળક નાનપણથી જ ઉત્કંઠા ધરાવે છે, પ્રશ્નો ઉદ્‌ભવે છે. પરંતુ સંતોષકારક જવાબ મળતાં નથી. દૂર દૂર અવકાશમાં નજર નાંખીએ છીએ ત્યાં સૂર્યમંડળ વિષે જાણવા મળે છે. બ્રહ્માંડમાં ૧૦,૦૦૦ થી વધુ તારાઓ છે, કે જેને પોતાની ગ્રહમાળા છે. આમાં કયાંક જીવનની શરૂઆત છે કે આપણે એકલા છે ? જો હોઈએ તો જીવન કેવું હશે ? જે કોસ્મોલોજીનો મોટો પ્રશ્ન છે. આનો જવાબ મેળવવા માટે વિશ્વના મોટા મિશન લીગો, લીસો, હોરાઈઝન્સ, ટેલીસ્કોપ જેવા અનેક પ્રોજેક્ટસ ચાલે છે. બ્રહ્માંડમાં રહેલા તારાઓનું જન્મ, જીવન અને મૃત્યુ થાય છે. બ્રહ્માંડનાં જન્મ અને વિકાસ, સુર્યનાં જન્મ અને મૃત્યુ તરફનાં પ્રયાણ વગેરે. આ વિષય માટે રોચક બાબતો કોસ્મોલોજીમાં ચર્ચિત હોય છે. હજૂ સૂર્યનાં મૃત્યુને હજારો વર્ષની વાર છે પરંતુ સાથે–સાથે તારાઓનાં જન્મ પણ થઈ રહ્યા છે. સ્ટીફન હોકિંગ્સ, ચંદ્રશેખર, જેવા વિશ્વનાં ખ્યાતનામ વૈજ્ઞાનિકો સાથે કામ કરનાર પ્રો. જોષીએ તારાઓનાં જીવન અને મૃત્યુ અંગે ગરૂત્ત્વાકર્ષણ બળ પર પોતાનું સંશોધન કાર્ય વિસ્તૃત રીતે વર્ણવી હતી. વ્યાખ્યાનનાં અંતે વિદ્યાર્થીઓ દ્વારા ઘણાં પ્રશ્નો પૂછવામાં આવેલા હતા અને તેમના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શાળા સંચાલક મંડળનાં અધિકારીઓ, અધ્યાપકો તેમજ રસ ધરાવતા લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમ યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનાં અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમની વ્યવસ્થા વિભાગીય અધ્યક્ષ શ્રી ડૉ. કિશોર પોરીયા દ્વારા કરવામાં આવી હતી.










## ગણિતશાસ્ત્ર વિભાગ

### રાષ્ટ્રીય ગણિત દિવસ : ઉજવણી

ભારતના મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનની જન્મજયંતિ તા. ૨૨ ડિસેમ્બરને 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ભારતભરમાં ઉજવવામાં આવે છે. ગણિતશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૨૨ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ આ દિવસની ઉજવણી વિવિધ કાર્યક્રમો યોજી કરવામાં આવી હતી, જેમાં અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ તેમજ આશરે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. કાર્યક્રમનાં ઉદ્‌ઘાટન પ્રસંગમાં માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા મુખ્ય અધ્યક્ષપદે ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત ભૌતિકશાસ્ત્ર વિભાગનાં વડા તથા સિન્ડિકેટ સભ્ય ડૉ. કિશોર પોરીયા તથા આંકડાશાસ્ત્ર વિભાગનાં વડા ડૉ. આરતી રાજયગુરુ અતિથિ વિશેષશ્રીઓ તરીકે હાજર રહ્યા હતાં. સમારોહની શરૂઆત દિપપ્રાગટ્ય તથા પ્રાર્થનાથી થઈ હતી. વિભાગીય વડાશ્રી ડૉ.દિલિપ જોષીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. ડૉ. કિશોર પોરીયાએ વિદ્યાર્થીઓને સંશોધનમાં ગણિતના વિષયનાં મહત્ત્વ વિશે વાતો કરી હતી. માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ એમના પ્રવચનમાં વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ પર ભાર આપવા જણાવ્યું હતું. એમણે વિદ્યાર્થીઓને માત્ર અભ્યાસલક્ષી જ નહી પરંતુ વિવિધ વ્યક્તિ વિકાસલક્ષી પ્રવૃત્તિઓમાં પણ રસ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં. ઉદ્‌ઘાટન સમારંભનું સફળ સંચાલન વિભાગનાં આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. પ્રીતિ ટંડેલે કયું હતું.

કાર્યક્રમનાં બીજા ભાગમાં એસોસિયેટ પ્રોફેસર ડૉ. દેવભટ્ટ શાહે 'Yes Ghost may Exit' વિષય પર વ્યાખ્યાન તથા વિદ્યાર્થીઓએ રામાનુજનનાં જીવન પર આધારિત નાટક રજુ કર્યું હતું. બીજા ભાગનું સમગ્ર સંચાલન વિભાગનાં રિસર્ચ સ્કોલર માનસી શાહે કર્યું હતું.


આ ઉપરાંત ગણિત વિષય પર આધારિત મોડેલ મેકીંગ, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ, રંગોળી, પેઈન્ટિંગ્સ, નિબંધ લેખન જેવી વિવિધ સ્પર્ધાઓ રાખવામાં આવી હતી, જેમાં ૭૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિબંધ લેખન સ્પર્ધાનાં કો–ઓર્ડિનેટર તરીકે ડૉ. પ્રીતિ ટંડેલ, મોડેલ મેકીંગ સ્પર્ધાના કો–ઓર્ડિનેટર તરીકે શ્રી ડૉ. કૌશલ પટેલ, રંગોળી સ્પર્ધાનાં કો–ઓર્ડિનેટર તરીકે પ્રતિજ્ઞા મોરે તથા પેઈન્ટિંગ્સ સ્પર્ધાના કો–ઓર્ડિનેટર તરીકે ભાવિક્ષા ભગતે કામગીરી કરી હતીં. સમગ્ર કાર્યક્રમનાં સાઉન્ડ સિસ્ટમની જવાબદારી અનંત પટેલ તથા સર્ટિફિકેટ વિતરણ વ્યવસ્થાની જવાબદારી કેયા દેસાઈએ કરી હતીં.

વિજેતા થયેલા વિદ્યાર્થીઓને કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનાં વરદ હસ્તે સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું તથા વિભાગીય વડા ડૉ. દિલિપ જોષીએ શુભેચ્છા પાઠવી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.








































## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### ૭૩મો પ્રજાસત્તાક દિન ધ્વજારોહણ કાર્યક્રમ







જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના કોલેજ કેમ્પસ પર ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૨ને બુધવારનાં રોજ ૭૩મો પ્રજાસત્તાકદિન નિમિત્તે સવારે ૮:૪૫ કલાકે અમરોલી કોલેજનાં ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં નેતૃત્ત્વ હેઠળ શ્રી મનીષભાઈ ગાંધી તેમજ કોલેજનાં સેવિકાબેન શ્રીમતી કમળાબેન ચૌહાણનાં વરદ હસ્તે ધ્વજારોહણ થયું હતું. ધ્વજારોહણ કાર્યક્રમને ઓનલાઈન રાખી Microsoft Team, Zoom, You Tube, Twitter, Facebook અને Instagramનાં માધ્યમથી

વિદ્યાર્થી અને લોકો સુધી જીવંત પ્રસારણ દ્વારા પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકોએ આ લાઈવ કાર્યક્રમમાં ઓનલાઈન જોડાઈ ધ્વજારોહણ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. જીવન જ્યોત ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, મંત્રીશ્રી અનુજભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, સભ્યશ્રી ડૉ. મહેન્દ્રકુમાર સોલંકી, શ્રી સ્નેહલભાઈ શાહ, એસ.પી.બી. સ્કુલનાં ઈ.ચા. આચાર્ય શ્રીમતી સેજલબેન પટેલ તેમજ સમગ્ર સંકુલના મર્યાદિત શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ સાથે ધ્વજારોહણ કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમમાં બી.એ., બી.કોમ., એમ.એ., એમ.કોમ. અને બી.સી.એ. કોલેજનાં તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્રના અને અને.એસ.એસ. ના વિદ્યાર્થીઓ સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓ સહીત મર્યાદિત સમુદાયમાં વિદ્યાર્થીગણ હાજર રહ્યાં હતાં. 'જીવન હતું' અને 'સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવો' વિષય પર વકતવ્ય આપવામાં આવ્યું હતું. ત્યારબાદ એન.એસ.એસ.ની સ્વયંસેવિકાઓ દ્વારા દેશભકિતનાં ગીતોનું ગાન કરી 'સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવો' વિષય પર વકતવ્ય આપી મતદાનને પ્રોત્સાહન આપવા માટેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અંતે આભારવિધિ ડૉ.આર.એન. સદરીએ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદશન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી પ્રો. બી.ડી.પટેલ, પ્રા. બી.એન.પટેલ, પ્રા. સી.યુ.નાયક, પ્રા. એન.બી.બારીયા તથા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણે સુંદર સહકાર આપ્યો હતો.

**પ્રજાસત્તાક દિન : NSS યુનિટ દ્વારા સૂર્યનમસ્કારનું આયોજન**



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૨ને બુધવારના રોજ ૭૩મો પ્રજાસત્તાકદિન નિમિત્તે સવારે ૧૦:૦૦ કલાકે અમરોલી કોલેજનાં પટાંગણમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં નેતૃત્ત્વ હેઠળ NSS યુનિટના નેજા હેઠળ સૂર્ય નમસ્કારનું આયોજન કરવામાં આવેલ હતું. જેનું સમગ્ર આયોજન અને સંચાલન NSS પ્રોગામ ઓફિસર પ્રા. બી.ડી.પટેલ, પ્રા. સી.યુ.નાયક, પ્રા. બી.એન.પટેલ, પ્રા. એન.બી.બારિયા તેમજ NSS સ્વયં સેવક શ્રી સુરજભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૦૫ જેટલા સ્વયંસેવકો/સેવિકાઓએ ભાગ લીધો હતો.

**જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.**

**Winter Session Launching Ceremony**











જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલીત પ્રો. વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં બી.બી.એ. અને બી.કોમ. અભ્યાસક્રમો ચાલી રહ્યા છે. જેમાં કુલ ૪૬૨૫ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ કોલેજ સરકારશ્રીની નવી શૈક્ષણિક નીતિ–૨૦૨૦ અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત બી.સી.એ. અને બી.કોમ. અભ્યાસક્રમ (ડબલ એન્ટ્રી સીસ્ટમ મુજબ) જાન્યુઆરી થી ડિસેમ્બરનાં એકેડમીક વર્ષ માટે ગુજરાતમાં પ્રથમ વાર અભ્યાસક્રમ શરૂ કરવા જઈ રહેલ છે. કોલેજમાં બી.સી.એ. અને બી.કોમ. શિયાળુ સત્ર (Winter Session) અને ૦૮ જેટલા રોજગારલક્ષી સર્ટિફિકેટ કોર્ષનું મેગા લોન્ચીંગ કાર્યક્રમ તા.૧–૧–૨૦૨૨નાં રોજ કોવીડ–૧૯ની ગાઇડલાઈન મુજબ યોજાયો હતો. સમારોહનો પ્રારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. સમારોહમાં જીવન જયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, માનદ્મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી તેમજ અન્ય અગ્રણીઓશ્રી ડૉ. મહેન્દ્રભાઈ સોલંકી, શ્રી સંપતભાઈ શાહ, જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઇ કોમર્સ કોલેજ, અમરોલીનાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા હાજર રહ્યાં હતાં, જયારે ઉપપ્રમુખશ્રી ગીરધરગોપાલ મુંન્દ્રા, માનદ્મંત્રીશ્રી અનુજભાઈ શાહ તેમજ ટસ્ટ્રીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ ઓનલાઈનનાં માધ્યમથી જોડાયા હતાં. જીવન જયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહે જણાવ્યું હતું કે, કોઈ પણ દેશના વિકાસ માટે શિક્ષણ મહત્વનું પાસુ છે. શિક્ષણ વિના કોઈ પણ દેશનો વિકાસ શકય નથી. જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત શાળા/કોલેજમાં શિક્ષણ સાથે વિદ્યાર્થીઓને સંસ્કારોનું પણ સિંચન કરવામાં આવે છે. NSS, NCC જેવી પ્રવૃતિઓ પણ કોલેજમાં દાખલ કરવામાં આવેલ છે. તેમાં ડબલ એન્ટ્રી સિસ્ટમ આવકાર્ય છે. સમારોહમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઓનલાઈન માધ્યમથી જોડાઈને પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ ગુજરાતની ૨૦ ટકા વસ્તીનું નેતૃત્ત્વ કરે છે અને દક્ષિણ ગુજરાતની ૧.૪૦ કરોડ જનતાને વફાદાર રહેવાનું છે. વિદ્યાર્થીઓના ભણતર અને રોજગારી મળી રહે તે માટે સતત પ્રયાસો યુનિવર્સિટી કરતી રહે છે. સરકારશ્રીની નવી શૈક્ષણિક નીતિ–૨૦૨૦ અંતર્ગત ડબલ એન્ટ્રી સીસ્ટમ એ યુનિવર્સિટી અને કોલેજોનાં વિદ્યાર્થીઓ માટે સીમાચિન્હ રૂપ છે. આ અભ્યાસક્રમથી જે વિદ્યાર્થી જુન માસમાં પ્રવેશ વંચિત રહી જતા હતાં તે હવે જાન્યુઆરી માસમાં પ્રવેશ મેળવી શકશે. આ ઉપરાંત યુનિવર્સિટી અંગ્રેજી વિભાગનાં પ્રો. પરેશભાઈ જોષીએ ઓનલાઈન માધ્યમથી જોડાઈ તેમના વકતવ્યમાં ડબલ એન્ટ્રી સીસ્ટમની માહિતી આપી હતી. સમારોહમાં ડબલ એન્ટ્રી પ્રોગામ અંતર્ગત બી.સી.એ.નાં વર્ગો શરૂઆતની જાહેરાત આચાર્યશ્રીએ કરી હતી. જયારે કોલેજના વ્યાખ્યાતા Dr. Shehnaz R. Sheikh- Basic Statistical Analysis Using Excel, Dr. Chakshu C. Shah - Actuary in Commerce, Dr. Hemadri I. Tikawala - (1) Basic Astrology (2) Basic Skills Workshop, Dr. Pradeepkumar Lenka - Yoga Science, Dr. Sudhadhara Samal - Fundamentals of Digital Market, Dr. Swati Mehta - Statistical Analysis Tools and Techniques, Dr. Priti M. Tailor - Beginning with Flutter તૈયાર કરેલ સર્ટિફિકેટ કોર્ષનું વિમોચન આમંત્રિત મહેમાન સંદેશના તંત્રી શ્રી પ્રરછન્ન ભટ્ટે કર્યુ હતું. જેનું સંચાલન બી.કોમ.ના કો–ઓર્ડિનેટર શ્રી પ્રા. ધરીત નાયકે કર્યુ હતું. જયારે અદ્યતન કોમ્પ્યુટર લેબનાં ઉદ્‌ઘાટન સમારંભના કાર્યક્રમનું સંચાલન બી.સી.એ. કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. જૈમીન શુકલાએ કર્યુ હતું જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રીનાં માર્ગદર્શન હેઠળ કોલેજની સાંસ્કૃતિક સમિટિના સભ્ય ડૉ. દિવ્યાની પટેલ, ડૉ. છાયા પટેલ અને પ્રા. ટ્વિંકલ પંચાલે કર્યુ હતું અંતે આભારવિધિ બી.બી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતાએ કરી હતી.

## એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### 5 Days Knowledge Fest



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં 5 Days Knowledge Fest નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ ક્ષેત્રનાં તજજ્ઞોએ પોતાના જ્ઞાનનો રસથાળ વિદ્યાર્થીઓને પીરસ્યો હતો. ડૉ. ભરતભાઈ ભંડારીએ ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ, ડૉ. પ્રાજકતાબેને બેલેન્સ ડાયટ, એડવોકેટ અલ્પેશ ઉપાધ્યાય જી.એસ.ટી., ડૉ. સંજય સિંદે પોઝીટીવ એટીટયુડ તથા એચ.આર.શાહ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, નવસારીનાં ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નઝમાબાનુ મલેકે સ્ત્રીઓને લગતા કાયદા જેવાં વિવિધ વિષયો પર વ્યાખ્યાનો આપ્યાં હતાં. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં, બીલીમોરા વિભાગ કેળવણી મંડળના મંત્રીશ્રી જસ્મિનભાઈ દેસાઈએ શુભેચ્છાઓ પાઠવી હતી. કોલેજના ઇન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણાનાં માર્ગદર્શનથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો તથા ઇવેન્ટ કો–ઓર્ડિનેટર પ્રા. યોગીનીબેન પ્રજાપતિએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી તેમજ કોલેજનાં તમામ સભ્યોનો ફાળો રહ્યો હતો.

## સ્ત્રી આરોગ્ય જાગૃતિ : સેમિનાર




બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં આર.એમ.ડી. આયુર્વેદિક કોલેજ અને હોસ્પિટલ, વાગલધરાનાં સહયોગ દ્વારા સ્ત્રી આરોગ્ય જાગૃતિ અંગેનો સેમિનાર તથા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં આયુર્વેદિક કોલેજનાં ડૉ. ચાંદનીબેને વિદ્યાર્થિનીઓને સ્ત્રીને લગતા વિવિધ રોગોની સચોટ માહિતી પૂરી પાડી હતી તથા સર્વે રોગ નિદાન કેમ્પ અંતર્ગત સ્ત્રીઓને લગતા વિવિધ રોગોની તપાસ કરી વિદ્યાર્થિનીઓને દવા પૂરી પાડવામાં આવી હતી. કોલેજનાં ઇન્ચાર્જ આચાર્ય વર્ષાબેન રાણાનાં માર્ગદર્શન તથા આર.એમ.ડી. કોલેજનાં પ્રિન્સિપલ ડૉ. રાજેશ રાતાનીનાં સહયોગ દ્વારા આ કાર્યક્રમ સફળ રહ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રો. યોગીની પ્રજાપતિએ કર્યું હતું. સ્ટાફ મિત્રો માટે પણ રોગ પ્રતિકારક શકિત વધારતી દવાનું વિતરણ થયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજનાં તમામ ટીચિંગ અને નોનટીચિંગ સભ્યોનો સક્રિય ફાળો રહ્યો હતો.

## વિદ્યાર્થીઓ માટે કેરિયર ગાઇડન્સ : સેમિનાર





એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાની Udisha Club હેઠળ Career Opportunities અંગેનાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આ કાર્યક્રમનાં મુખ્ય વકતા શ્રી હિતેન પાંચાલ કે જેઓ એવિએશન એન્ડ હોટેલ મેનેજમેન્ટ ઇન્સ્ટિટયૂટનાં ડાયરેકટર, સુરતના વતની છે, એમણે એમનાં વકતવ્યમાં Aviation, Hospitality and Tourism, Industries, growth in India જેવા વિષયો ઉપર વ્યાખ્યાન આપ્યું હતું, જેમાં Aviation and Hospitality Airlines Pilot Airhostess આ બધા ફિલ્ડમાં કેમ જવું જોઇએ તે સમજાવ્યું. ઉડાન સ્કીમ ગવર્મેન્ટમાં આવી રહી છે એના વિશે એમણે વિગતવાર માહિતી આપી હતી. ટ્રેનિંગ કેટલા સમય દરમ્યાન હોઈ છે અને કેવી રીતે આપવામાં આવે તે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. આ ઉપરાંત બીજા વકતા મિસ પૂજા શાહ કે જેઓ ફેબ ફેશન એન્ડ બ્યુટી ઇન્સ્ટિટયૂટનાં કો–ફાઉન્ડર છે કે જેઓ વર્ષ ૨૦૧૭ મિસ ઇન્ડિયા ગુજરાત અર્થ નામની બ્યુટી કોન્ટેસ્ટના વિનર પણ રહી ચુકયા છે તેમણે વિદ્યાર્થીઓને લકઝરી એન્ડ બ્યુટી ઇન્ડસ્ટ્રીઝ ઓફ ઇન્ડિયા ફેશનની દુનિયામાં તેઓ પોતાની કેરિયર કેવી રીતે બનાવી શકે છે અને પોતાની પણ સ્માર્ટ બનવા માટેની સલાહ આપી હતી. રસ ધરાવતા વિદ્યાર્થીઓને રેમ્પ વોક કરાવ્યું હતું. આ વિદ્યાર્થીઓ સુરત મુકામે યોજાનાર રેમ્પ વોક સ્પર્ધામાં ડાયરેકટ ભાગ લેશે.

કોલેજનાં ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પ વડે અને શાબ્દિક સ્વાગત કરીને આવકાર્યા હતાં. કોલેજનાં ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણાનાં માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સંચાલન ડૉ. સોનલબેન વસાવાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

## પ્રવેશોત્સવની ઉજવણી



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કોલેજ બી.કોમ. ઈંગ્લિશ મીડીયમમાં એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એસ.વાય.બી.કોમ. અને ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ એફ.વાય.બી. કોમ.ના વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો તથા તમામ વિદ્યાર્થીઓએ પોતાના કૌશલ્ય અને આવડતનો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રભુ વંદનાથી થઈ હતી. આ કાર્યક્રમમાં બિલીમોરા વિભાગ કેળવણી મંડળનાં સ્ટેન્ડિંગ કમિટિનાં ચેરમેન શ્રી ભરતભાઈ અમીન ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણાનાં આવકાર બાદ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી : મિટિંગ

નવસારીની ૭૬ વર્ષની જૂની એવી ગાર્ડા કોલેજમાંથી કેટલાંય વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને આજે દેશ–વિદેશમાં સારી કારકિર્દી ધરાવે છે. ગાર્ડા કોલેજે સમાજ–દેશને અનેક નવરત્નોની ભેટ આપી છે. ગાર્ડા કોલેજમાં અભ્યાસ કરી ગયેલાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અવાર–નવાર ગાર્ડા કોલેજની મુલાકાત લેતાં જ હોય છે. પોતાની કોલેજ અને ગુરુજનોને મળીને સ્મરણોને તાજાં કરતાં હોય છે. આ પરંપરાને યથાવત રાખવા તા.૧૯–૧–૨૦૨૨ને બુધવારના રોજ ગાર્ડા કોલેજની નવી લાઈબ્રેરી હોલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આવકારતાં જણાવ્યું હતું કે, "હું પણ ગાર્ડા કોલેજનો જ વિદ્યાર્થી છું. આજે જે પણ છું તેમાં વિશેષ ફાળો મારી ગાર્ડા કોલેજનો જ છે. આપણી ગાર્ડા કોલેજ એ શિક્ષણ અને સંસ્કારનું ધામ છે. અહીં શિક્ષણની સાથે–સાથે વિદ્યાર્થીઓમાં સંસ્કારનું પણ સિંચન કરવામાં આવે છે". નેકનાં કો–ઓર્ડિનેટરશ્રી પ્રા. ડૉ. હિતેશભાઈ પટેલે એસ.બી.ગાર્ડા કોલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંગઠનનાં ઉદેશો અને મહત્ત્વ સમજાવ્યું હતું. સાથે કોલેજનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી કોલેજની ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી. કોલેજની વર્તમાન વ્યવસ્થાથી સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને માહિતીગાર કરવામાં આવ્યાં હતાં. ત્યાર બાદ જરૂરી એજન્ડા પર ઠરાવો કરવામાં આવ્યાં હતાં. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભાવો આપ્યા હતાં. મિટિંગનું સંચાલન પ્રા. ડૉ. એ.સી.શર્માએ કર્યું હતું. મિટિંગના અંતે આભાર વિધિ પ્રા. કે.સી.પટેલે કરી હતી.





## Cultural Programme of Gujarati Geet/Gajhal



Cultural Programme of Gujarati Geet/Gajhal is organised under the aegis of Azadi ka Amrut Mahotsav on 05-01-2022. The main

objective of this cultural programme is: to aware our youth about our traditions and roots of our culture. By performing Gujarati Geet and Gajhals we tried to familiar our youth about our great Gujarati cultural and its' inner beauty. There are lots of varieties of Gujarati songs itself, according to different region we find different styles of songs which are really giving us heart touching feelings. JAAZ Music Academy & Team, Navsari sang beautifully Gujarati songs.

## Student Start up and Innovation Program: "Innovative Idea's" Competition





Under the Student start up and innovation policy of government of Gujarat, the SSIP team of the college Dr. M. D. Gohil & Dr. N. A. Hariyani organized an "Innovative Idea" competition on 06-01-2022 to bring awareness among the students for start-up and innovation. The program was graced by the opening process of the I/c. Principal Dr. D. M. Gurjar. Total 29 students participation the competition where 3 students awarded the prizes : (1) Choksi Stuti Bhaveshbhai (S.Y.B. Com. Roll No-114) (2) Panigrahi Narayan Bisvanath (T.Y.B.Com. Roll No-243) (3) Darji Jayshree Dahyabhai (S.Y.B.Com. Roll No-117).

## MoU




નવસારીની જૂની અને જાણીતી એવી એસ.બી.ગાર્ડી કોલેજ (આર્ટ્સ) એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે–સાથે પોતે આર્થિક રીતે પગભર બનીને આત્મનિર્ભર બને એ ઉમદા હેતુથી ગાર્ડી કોલેજ દ્વારા All Gujarat Women's Organization "Shaktimanch", Ahemdabad સાથે MoU કરવામાં આવેલ છે. આ MoUમાં બ્યુટી પાર્લર, ચોકલેટ મેકિંગ અને કેક મેકિંગ જેવી ૩૫ પ્રકારની તાલીમ આપવામાં આવશે, જેના દ્વારા વિદ્યાર્થીઓ સ્વનિર્ભર બની શકશે અને આત્મનિર્ભર ભારતના પ્રકલ્પને પણ ચરિતાર્થ કરવાની કોશિશનાં ભાગરૂપે ગાર્ડી કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જર અને All Gujarat Women's Organization "Shaktimanch", Ahemdabad ના પ્રમુખ શ્રી કૌશિકભાઈ તન્ના દ્વારા પાંચ વર્ષ (તા.૧–૧–૨૦૨૨ થી તા. ૧–૧–૨૦૨૭) માટે MoU કરેલ છે.

## મુલાકાત





સંસ્કારી નગરી એવી નવસારીની પારસી નવરત્નો દ્વારા સ્થાપિત ગાર્ડા કોલેજ દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી કોલેજ છે. નવસારી જિલ્લાના આજુબાજુ વિસ્તારના વાલીઓએ ગાર્ડા કોલેજમાં મૂકેલા વિશ્વાસનું આ ફળ છે. ગાર્ડા કોલેજમાં દરેક સમાજનાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને પોતાના સ્વપ્નો સાકાર કરતાં હોય છે. વાલીઓ–વિદ્યાર્થીઓએ ગાર્ડા કોલેજને "શિક્ષણ અને સંસ્કારનું ધામ" ગણી ગાર્ડા કોલેજને સમાજમાં ઉચ્ચ સ્થાન અપાવ્યું છે. વાલીઓ અને શિક્ષકો ભેગા મળી વિદ્યાર્થી હિતાર્થે વધુ સારા કાર્યે કરી શકે તેવાં ઉમદા હેતુથી તા. ૨૧–૦૧–૨૦૨૨ના રોજ ગાર્ડા કોલેજના નવા લાઈબ્રેરી હોલમાં "વાલી–શિક્ષક મંડળની એક મિટિંગ યોજવામાં આવી હતી. કોલેજનાં ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરે સૌ વાલીઓને આવકારતાં જણાવ્યું હતું કે, "તમારા દીકરા–દીકરીઓ એ અમારાં દીકરા–દીકરી છે. એમની કાળજી રાખવી એ અમારો ધર્મ છે. એમનામાં શિક્ષણની જ્યોત ઝળહળતી રાખીને સંસ્કાર આપવા એ જ અમારું લક્ષ્ય છે". નેકના કો–ઓર્ડિનેટર શ્રી પ્રા. ડૉ. એચ. જે. પટેલ વાલી મંડળને ગાર્ડા કોલેજમાં ઉપલબ્ધ સુવિધાઓથી માહિતગાર કર્યા હતાં. ત્યારબાદ જરૂરી એજન્ડા પર ઠરાવો કરવામાં આવ્યાં હતાં. વાલીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતાં. મિટિંગનું સંચાલન પ્રા. ડૉ.એ.સી.શર્માએ કર્યું હતું. મિટિંગના અંતે આભારવિધિ પ્રા.કે.સી.પટેલે કરી હતી.

## સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ.

### અહેવાલ

તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંલગ્ન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના ઉપક્રમે ૭૩ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૨ને બુધવારે સવારે ૮:૩૦ કલાકે કરવામાં આવી હતી. આ કાર્યક્રમનાં મુખ્ય મહેમાન તરીકે મનન આશ્રમ, ભરુચનાં પ.પૂ.સ્વામિની તન્મયાનંદ સરસ્વતીજી ઉપસ્થિત રહ્યા હતા. પ.પૂ સ્વામિની તન્મયાનંદજીનાં હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. ત્યારબાદ પ.પૂ સ્વામિની તન્મયાનંદજીનું તપોવન સંસ્કાર કેન્દ્રનાં નિયામકશ્રી જાગૃતિબેન પંડયા દ્વારા પુષ્પગુચ્છ અને સાલ આપી સ્વાગત કરવામાં આવ્યું. શ્રી નર્મદ સંસ્કૃત વેદ પાઠશાળાનાં છાત્રએ માતૃવંદના માટેનું સુંદર કાવ્યપઠન કર્યું હતું. પ.પૂ સ્વામિની તન્મયાનંદજીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે, ગણતંત્ર દિવસ અર્થાત લિંકનનાં શબ્દોમાં કહીએ તો For the People, of the People and by the People એટલે કે, લોકોનું લોકો વડે, લોકો દ્વારા ચાલતું રાજય. ભારત દેશ એ લોકશાહી દેશ છે. આખો ભારત દેશ અંગ્રેજોની ગુલામી હેઠળ જીવી રહ્યો હતો. ત્યારે કેટલાક ભગતસિંહ જેવા વીરોએ તે જમાનામાં ૧૯૨૭માં કોંગ્રેસનાં અધ્યક્ષ જવાહરલાલ નેહરુને વિનંતી કરી કે ભારત દેશને પૂર્ણ સ્વરાજ પ્રાપ્ત થાય અને ભારત દેશ આઝાદ થાય. ૨૬મી જાન્યુઆરી, ૧૯૩૦માં સૌ પ્રથમ જવાહરલાલ નેહરુએ લાહોરમાં ત્રિરંગો લહેરાવ્યો. આઝાદીની ચળવળ આખા દેશમાં ચાલી અને ૧૫ મી ઓગસ્ટ, ૧૯૪૭માં ભારત દેશ આઝાદ તો થઇ ગયો પણ ખરેખર વાસ્તવિક સ્વતંત્રતાનો અહેસાસ પ્રાપ્ત થયો ન હતો કારણ ભારતમાં જે કાયદાકીય વ્યવસ્થા હોવી જોઇતી હતી તે ન હતી ત્યારે ડૉ. બાબાસાહેબ આબેંડકર ૨ વર્ષ ૧૧ મહીના અને ૧૮ દિવસનો સમય લઈ ભારતનાં બંધારણની રચના કરી. તેઓ ભારતનાં ઘડવૈયા કહેવાયા. તેમણે રાષ્ટ્રધ્વજનાં ત્રણેય રંગો અને અશોક ચક્રનુ શું મહત્ત્વ છે તેના વિષે માહિતગાર કર્યા જેમાં પહેલો રંગ કેસરી છે જે બલિદાન, ત્યાગનું પ્રતિક છે. બીજો રંગ સફેદ છે જે શાંતિનું પ્રતિક છે. સફેદ રંગ સાદગીનું સૂચન કરે છે અને લીલો રંગ સમૃદ્ધિ અને અશોકચક્ર ગતિમાન રહેવું તે સૂચવે છે. તેમણે વધુ જણાવ્યું કે જીવનમાં મનુષ્યએ ત્યાગ, સમર્પણ અને બલિદાન આપી ઉદારતા, પ્રેમ અને સહિષ્ણુતાને અપનાવવી જોઇએ. અંતે તેમણે જણાવ્યું કે કેનેડીએ કહ્યું હતું કે, Don't ask what country do for you but thing what you can do for country. જો આપણે પણ આપણા જીવનમાં આ વિચારને અપનાવીએ તો આપણે પણ મહાપુરુષોથી કમ નથી.





## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### Republic Day Celebrations






C. N. Kothari Homoeopathic Medical College and Research Center, Vyara enthusiastically celebrated 73rd Republic Day. The flag was hoisted by Hon'ble Dahyabhai Patel, Trustee of the Institute. After giving a speech by Hon'ble Nikhilbhai Shah, Minister of the Institute, the Principal of the College, Dr. (Smt.) Jyoti Rao addressed the doctors and students to make more and more progress for the betterment of the country and the name of the institution.

This program was done by the activity committee under the guidance of Principal of institute Dr. (Mrs.) Jyoti Rao.

### Celebrated Foundation Day & Vasant Panchami

College Celebrated Foundation Day & Vasant Panchami together by organising an event on 5th February 2022. Dr. Bhavin Modi delivered welcome speech. College Staff and Students Worshipped Ma Saraswatiji by flowers. Girls students of 3rd BHMS presented prayer & performed dance on the special occasion. Dr. Dhruni Gavli with girls students practiced Suryanamaskar on the stage. Staff working since inception of College have cut the Cake and they were Honoured with Flowers. Dr. Mahavir Ghiya and Mrs. Savitriben Rana delivered speech on Foundation Day of College. Dr. Jayantilal Jain offered vote of thanks. All staff & students dispersed with sweets and cake.

The entire program was co-ordinated by Dr. Anjali Sindhi under guidance of Principal Dr. (Mrs.) Jyoti Rao.







## Udhna Citizen Commerce College & & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### પ્રોગ્રામિંગ સ્પર્ધા

ઉધના કોલેજમાં "ટેક આર્મી" કલબ (બી.સી.એ. પ્રોગ્રામ) દ્વારા પ્રોગ્રામિંગ સ્પર્ધા "કોડ નિન્જા" SY/TY BCA વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં કુલ ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અક્ષય ભારદ્વા (TYBCA) તેમજ વત્સલ વખારિયા (SYBCA) ઉપવિજેતા જાહેર કરાયા હતા. આ સ્પર્ધાનું આયોજન પ્રા. ચિરાગ પટેલ અને ડૉ. વિશાલ નાયક દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ રોશની ધોડે દ્વારા ટેકનિકલ સહાય આપવામાં આવી હતી. આ સ્પર્ધાનું આયોજન કોલેજનાં આચાર્ય ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





### વુમન સેલ સ્પર્ધા

ઉધના કોલેજમાં "વુમન સેલ" અંતર્ગત "ટ્રેઝર હન્ટ"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઇવેન્ટમાં બી.કોમ. અને બી.બી.એ.ની ૩૪ ટીમે ભાગ લીધો હતો. અંતિમ રાઉન્ડ માટે ૮ ટીમોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં તમામ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને FYBBAની કુ. પ્રેમાની અમીષા, જોગી વિશાખા, નારાયણીવાલ સાક્ષી, દ્વિતિય સ્થાને TYBBA ની અગ્રવાલ સલોન, ગૌડા બંદના, રાઠોડ સરિતા તથા તૃતિય સ્થાને SYBCA ની પ્રાચી અગ્રવાલ, પ્રેરણા તિવારી, માનસી બારવાલિયા વિજેતા થયા હતા.


આ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં માર્ગદર્શન આપવા બદલ કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય અને ચેર પર્સન (મહિલા સેલ) ડૉ. ડેઈઝી શેબી ટેકનલ, ઉપાચાર્ય શ્રી ડૉ. મનીષ કાયસ્થ કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. તેજસ ઘડિયાળી અને વાઈલ ચેર પર્સન (મહિલા સેલ) ડૉ. ત્વિષા પરમારનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.







### વિવિધ સ્પર્ધા

ઉધના કોલેજમાં કલા કૌશલ્ય ધારા હેઠળ વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું હતું. જેમાં પોસ્ટર મેકિંગમાં પ્રથમ ક્રમે મોહંતી દિપ્તિમાઈ, દ્વિતીય ક્રમે શ્રી વાસ્તવ અંશિકા અને તૃતીય ક્રમે રાંદેરી યશ વિજેતા થયા હતા. વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં વિજેતા ટીમનાં સભ્યો ત્રિપાઠી શોભની અને વગદ્વે પ્રિયા તથા હસ્તકલા સ્પર્ધામાં પ્રથમ ક્રમે મુલતાની સિમરન અને દ્વિતીય ક્રમે વર્મા પાયલ થયાં હતાં. આ તમામ સ્પર્ધાનું આયોજન કલા કૌશલ્ય ધારાનાં સભ્યો દ્વારા કોલેજ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





## મિડિયા કન્ટેન્ટ ડેવલપમેન્ટ સ્પર્ધા





ઉધના કોલેજમાં "એક્સપ્રેસ" કલબ (BBA પ્રોગ્રામ) હેઠળ FY/SY/TY BBA ના વિદ્યાર્થીઓ માટે મિડિયા કન્ટેન્ટ ડેવલોપમેન્ટ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. કુલ ૧૫ FY/SY/TY BBA ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને SY BBAની જૈનેશ બોથરા, આયુષી લીબાણી અને કોનિકા બંસલ, દ્વિતિય સ્થાને SYBBAની હર્ષ હુમ્મર, રિયા શાહ, અને ફેનિલ વિરડીયા તથા તૃતિય સ્થાને FYBBAની હસમત ખાન, સુફીયાન શેખ, અભિષેક પાર્ડે અને દિવાંશુ દુબે વિજેતા થયા હતા.

આ કાર્યક્રમનું આયોજન ડૉ. રૂદ્ધી પુરોહીત, પ્રો. બેનાઈફર ડુમસિયા અને પ્રો. ઉર્વશી મૈસુરીયાએ કર્યું હતું. વિદ્યાર્થીઓને આવું સુંદર પ્લેટફોર્મ પૂરું પાડવા બદલ સમિતિ દ્વારા કોલેજનાં આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઇઝી શેબી ટેકનલ, ઉપાચાર્ય ડૉ. મનીષ કાયસ્થ કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. તેજસ ઘડિયાળીએ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ક્વિઝ સ્પર્ધા



ઇન્ટેલ કોન કલબ ઓફ બી.બી.એ. દ્વારા ક્વિઝ સ્પર્ધાનું તા. ૨૭–૧૨–૨૦૨૧નાં રોજ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધા બે રાઉન્ડમાં યોજાઈ હતી. પ્રથમ રાઉન્ડ ઓનલાઈન હતો અને બીજો ઓફલાઈન રાઉન્ડ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં ૧. રાઠોડ સરિતા, ૨. જાધવ આરાધના, ૩. રાણપરિયા કૃતિશા વિજેતા તથા ૧. અગ્રવાલ સલોની, ૨. ઓસ્તવાલ મનાલી, ૩. ત્રિપાઠી સુધા રનર્સઅપ રહ્યા હતા.

આ કાર્યક્રમનું આયોજન કોલેજનાં બી.બી.એ. વિભાગનાં અધ્યાપકો દ્વારા કોલેજનાં આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઇઝી શેબી ટેકનલનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## હેર સ્ટાઈલ સ્પર્ધા



ઉધના કોલેજમાં કલા કૌશલ્ય ધારા હેઠળ તા. ૦૬–૦૧–૨૦૨૨નાં રોજ "હેર સ્ટાઈલ સ્પર્ધા" નું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં ૧૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમની સુંદરતા વધારવાની કુશળતા દર્શાવી હતી. આ સ્પર્ધામાં ત્રિપાઠી શોભનાને પ્રથમ, નલિયાદ્રા બુસરીને દ્વિતિય અને સ્ટેફી થેંકચનને તૃતિય ક્રમ પ્રાપ્ત થયો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. ક્રીના શાહ અને પ્રા. રૂચિ શાહે સેવા આપી હતી. સમિતિ દ્વારા કોલેજનાં આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઈઝી શેબી ટેકનલ, ઉપાચાર્યશ્રી ડૉ. મનીષ કાયસ્થ કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો તેમની પ્રેરણા અને સમર્થન માટે ખાસ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## રમત ગમત ક્ષેત્રે સિદ્ધિ

ઉધના કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સિલ્કી નાગપુરે તા. ૮ અને ૯ જાન્યુઆરી ૨૦૨૨નાં રોજ હાથી સિદ્ધિ સ્વિમથોન ૨૦૨૨માં ૫ કિમી અને ૧૦ કિમી સ્પર્ધામાં સુર્વણ ચંદ્રક મેળવ્યો હતો. તથા નિલય કનિયરે ૯ મી જાન્યુઆરી ૨૦૨૨નાં રોજ ૫ કિમી. હાથી સિદ્ધિ સ્વિમથોન સ્પર્ધામાં સિલ્વર ચંદ્રક પ્રાપ્ત કર્યા હતો.

આ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ ૨૦૨૨ નું આયોજન શ્રી રામ સી સ્વિમિંગ કલબ પોરબંદર, ગુજરાત ખાતે કરવામાં આવ્યું હતું. વિજેતાઓને કોલેજ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ તેમજ સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવ્યાં હતાં.



## સ્થળ મુલાકાત

૮મી જાન્યુઆરી, ૨૦૨૨નાં રોજ એફ.વાય. બી.બી.એ.નાં વિદ્યાર્થીઓને પર્યાવરણ વિજ્ઞાનમાં સ્થળ મુલાકાતનાં ભાગ રૂપે સુરતનાં ગવિયર તળાવ પર લઈ જવામાં આવ્યાં હતા. નેચર કલબ દ્વારા તળાવની સંપૂણ પ્રાકૃતિક વ્યવસ્થા કરવામાં આવેલ હતી. વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં વિદેશી પક્ષીઓ અને દુર્લભ પતંગિયા જોવાનું સૌભાગ્ય મળ્યું હતું. વિદ્યાર્થીઓ માટે કુદરત સાથે એક દિવસનો આનંદ માણવાનો અદ્‌ભુત અનુભવ હતો. વિદ્યાર્થીઓએ પ્રકૃતિનાં સૌદર્યને કેદ કરવા ફોટોગ્રાફી સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન પ્રા. ઉર્વશી મૈસુરિયા, પ્રા. પ્રીતિ પટેલ અને પ્રા. હિતેશ પટેલ દ્વારા કોલેજ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
I/c. University Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in